સંજયપ્રસાદ જિલ્લાના નવા પ્રભારી સચિવ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે શ્રી સંજયપ્રસાદની નિમણુંક રાજય સરકારે કરી છે.

રાજયના પ્રભારી સચિવ તરીકે અત્યાર સુધી ફરજો બજાવનાર શ્રી સી.એલ. મીના વયમર્યાદાને લઈ નિવૃત્ત થતાં આ જગ્યા પર નિમણુંક કરવાની બાકી હતી. હવે રાજય સરકારે પ્રભારી સચિવ તરીકે શ્રી સંજયપ્રસાદની નિમણુંક કરી છે.

શ્રી સંજયપ્રસાદ ગાંધીનગર જિલ્લાના વિકાસ અધિકારી તેમજ કલેકટર તરીકે સેવાઓ પણ આપી ચુકયા છે. શ્રી સંજયપ્રસાદ થોડાક સમયપૂર્વે જ ભારત સરકારમાંથી પ્રતિનિયુકતી પરથી પરત ફર્યા છે. તેઓએ વિદેશ ખાતે પણ સેવાઓ બજાવી છે.

શ્રી સંજયપ્રસાદ કુસ્તીના અચ્છા ખેલાડી હતા. તેઓ પશુપાલનના પણ ખુબ આગ્રહી છે. શ્રીપ્રસાદ હાલ સચિવ તરીકેની ફરજો સચિવાલયમાં બજાવી રહ્યા છે.

જિલ્લાકક્ષાનો વન મહોત્સવ ચોથીએ નારદીપુરમાં યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાનો જિલ્લા કક્ષાનો વન મહોત્સવ કલોલ તાલુકાના નારદીપુર ખાતે આગામી ૪થી ઓગષ્ટના રોજ ઉજવવામાં આવશે. વન વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર ગત વર્ષેજિલ્લાનો વન મહોત્સવ માણસા ખાતે યોજવામાં આવ્યા બાદ આ વખતે કલોલ તાલુકાના નારદીપુર ખાતે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વન મહોત્સવની ઉજવણી અંતર્ગત જિલ્લામાં દસ લાખ રોપાઓનું વાવેતર કરવા માટેનું આયોજન તંત્ર દ્વારા કરાયું છે. નારદીપુરના ગ્રામસેવા મદંર ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં વાવે ગુજરાત અંતર્ગત પણ એકસો ગામોમાં એક જ સમયે એક સાથે વૃક્ષ વાવેતરનો નવતર અભિગમ સાથેનો કાર્યક્રમ પણ આજ સપ્તાહમાં યોજવા અંગેના આયોજનને તંત્ર આખરીરૂપ આપી રહ્યુ છે.

આ દિવસે પણ એક લાખથી વધુ વૃક્ષોનું જિલ્લામાં વાવેતર કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ એક સાથે એક જ સમયે યોજવામાં આવનાર હોવાથી ગામોની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. આ ગામોએ રોપાઓ પણ મોકલવામાં આવી રહ્યાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થયું છે.

દરમ્યાન બીજી ઓગષ્ટે ગાંધીનગરના જન્મદિનની ઉજવણી નિમિત્તે પણ પાટનગરમાં વધુમાં વધુ વૃક્ષોની વાવણી થાય તે માટે આજે એક બેઠકનું આયોજન તંત્રના અધિકારીઓએ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે કર્યુ છે.

ચોમાસું જામી ગયું છે ને વરસાદ નથી પડતો એ હવે સમાચાર નથી. સમાચાર હવે એ છે કે વરસાદ ક્યાં પડ્યો ને કેટલો પડ્યો ? જોકે, વરસાદ પડ્યો એ સ્થળોનાં નામોમાં ગાંધીનગરનું નામ નથી આવતું એ સમાચાર આપણા માટે સારા નથી, પણ આશા અમર છે. (તસવીર : દિપક જાની)

પરપ્રાંતિયોને મકાન ભાડે આપનાર મકાન માલિકો સામે પોલીસ કાર્યવાહી

પેથાપુર, કલોલ વિસ્તારમાં એસ.ઓ.જી.એ દરોડા પાડ્યા જાહેરનામાના ભંગ બદલ પાંચ સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૫

પોલીસને જાણ કર્યા સિવાય પરપ્રાંતિયોને મકાન ભાડે અપાયા હોય તેવા પાંચ કિસ્સામાં પોલીસે પાંચ મકાન માલિકો સામે જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કર્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર એસ.ઓ.જી. પોલીસે જિલ્લામાં પરપ્રાંતિયોને મકાન ભાડે અપાતા હોવાના કિસ્સાઓને ધ્યાને લઈ છેલ્લા બે દિવસ દરમિયાન કલોલ અને પેથાપુરમાં દરોડા પાડી તપાસ હાથ ધરી હતી. પોલીસ ઈન્સ્પેકટર એમ. જી. સોલંકીની સૂચના અન્વયે પોલીસ સ્ટાફના હિંમતસિંહ, દિલીપસિંહ, જયંતિભાઈ તેમજ પૂનમભાઈએ ગઈકાલે પેથાપુર વિસ્તારમાં પરપ્રાંતિયને મકાન ભાડે આપી પોલીસને જાણ નહી કરવા બદલ મકાનમાલિક જગાભાઈ ચિનુભાઈ ભાવસાર તેમજ સાંતેજના નટવરજી કેશાજી ઠાકોર સામે કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત કલોલ વિસ્તારમાં જશીબેન ભીખાજી, લખાજી અંબારામ, તળાજી અંબારામ સામે પણ પરપ્રાંતિયોને મકાન ભાડે આપી પોલીસને અજાણ રાખવાના મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પેથાપુર અને કલોલ પોલીસે આ પાંચેય મકાન માલિકો વિરૂદ્ધ જાહેરનામના ભંગ બદલ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અગાઉ શહેરમાં પણ મકાન ભાડુઆતોના કિસ્સામાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

કાવેરી પાર્ટી પ્લોટના વિવાદમાં નવો વળાંક : કોર્ટમાં ફરિયાદ દાખલ

પૂર્વમંત્રી, સે. ૨૧ના પી.આઈ. અને પી.એસ.આઈ. સામે આક્ષેપો ડી.વાય.એસ.પી.ને તપાસ કરી રીપોર્ટ કરવા કોર્ટનો આદેશ

ગાંધીનગર, તા. ૨૫

કાવેરી પાર્ટીપ્લોટમાં ગેરકાયદેસર પ્રવેશ કરી બળપ્રયોગના આધારે કબજો મેળવવાના વિવાદ સંદર્ભે ગાંધીનગર કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવી છે. જેમાં સે. ૨૧ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. પી.આઈ. અને કોન્સ્ટેબલ સામે જ આક્ષેપો થતાં કોર્ટે આ મામલે ડી.વાય.એસ.પી.ને તપાસ સોંપી આગામી તા. ૨૪ ઓગષ્ટ સુધીમાં રીપોર્ટ કરવા આદેશ કર્યો છે.

સે. ૨૫ સ્થિત કાવેરી પાર્ટીપ્લોટમાં કબજો મેળવવાના મામલે બે દિવસ પૂર્વે પૂર્વમંત્રી અરવિંદ પટેલે સે. ૨૧ પોલીસમથકે ફરીયાદ નોંધાવી હતી. જેમાં પાર્ટીપ્લોટનો ગેરકાયદેસર કબજો મેળવવા તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનું પણ પ્રકાશમાં આવ્યું હતું. જ્યારે આ મામલે સામે પક્ષે જયંતિભાઈ નાથાભાઈ પટેલે ગાંધીનગરની ચીફ જ્યુ.મે.જી. કોર્ટમાં સે. ૨૧ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, પી.એસ.આઈ. તેમજ રાઈટર અને કોન્સ્ટેબલની ભૂમિકા સામે આક્ષેપો કરતી ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર કાવેરી પાર્ટી પ્લોટ સંદર્ભે કોર્ટમાં દિવાની તકરાર આવી રહી છે ત્યારે આ કેસના આરોપી અરવિંદભાઈ પટેલે ગત તા. ૨૩ જુલાઈના રોજ બપોરે સે. ૨૧ પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.ડી. પટેલ, પી.એસ.આઈ. ઝાલા તેમજ શહેર અને કોન્સ્ટેબલની મદદગારીથી પાર્ટીપ્લોટમાં ગેરકાયદેસર પ્રવેશ કરી તોડફોડ કરી હતી. પોલીસે આ મામલે ફરિયાદ દાખલ કરવાની બદલે આરોપીઓની મદદગારી કરી હોવાનો આક્ષેપ પણ કરાયો છે. જયંતિભાઈ પટેલે પૂર્વ મંત્રી તેમજ પોલીસ અધિકારીઓ વિરૂદ્ધ કોર્ટમાં દાખલ કરેલી ફરિયાદ અન્વયે કોર્ટે

આ વિવાદાસ્પદ મામલે ડી.વાય.એસ.પી.ને તપાસ સોંપવા આદેશ કર્યો છે. જ્યારે સમગ્ર મામલાની તપાસનો રીપોર્ટ તા. ૨૪ ઓગષ્ટ સુધીમાં સુપ્રત કરવા પણ જણાવ્યું છે. આ કેસમાં ફરિયાદી તરફેના વકીલ તરીકે બી.આર. શર્મા હાજર રહ્યા હતા.

ગાંધીનગરના ઘ-૩ પાસે આવેલી ઉપવાસી છાવણી પર ગત રોજ દહેજના દૂષણથી મૃત્યુ પામેલી કે કમોતે મરેલી બહેન-દીકરીઓના ભાઈઓએ - સ્નેહીઓએ ધરણા ધરી અધિક કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું હતું. (તસવીર : દિપક જાની)

શહેરી વિસ્તારના પાંચ ગામોમાં નવા આર.સી.સી. રોડ બનશે

પાંચેય ગામોમાં ગટરલાઈનનું કામ આગામી બે મહિનામાં પૂર્ણ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૫

શહેરી વિસ્તારમાં સ્થિત પાંચ ગામોમાં ગટરલાઈનનું કામ પૂર્ણતાના આરે છે. જ્યારે ગટર સુવિધાની કામગીરી સંદર્ભે માર્ગોની હાલત કફોડી બનતા ગ્રામ્ય વિસ્તારમાં નવા આર.સી.સી. રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. પાટનગર યોજના ભવન દ્વારા આ મામલે દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવનાર છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ધોળાકૂવા, બોરીજ, ઈન્દ્રોડા, પાલજ અને બાસણમાં તંત્ર દ્વારા ગટરલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં પાયાની સુવિધા ઉપલબ્ધ થાય તેમજ સ્વચ્છતા જળવાય તે માટે અંદાજિત રૂ. ૧૦ કરોડના ખર્ચે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ગટર સુવિધાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જો કે ગામડાઓના અટપટા વિસ્તાર તેમજ ટોપોગ્રાફી સાનુકુળ ન હોવાથી તંત્રએ આ કામગીરી પૂર્ણ કરવાનું કામ વધુ મુશ્કેલ બન્યુ છે. જો કે આગામી બે મહિનામાં આ કામગીરી સંપૂર્ણ થાય તેવી સંભાવના છે ત્યારે હગટરલાઈનની કામગીરીના અંતે રસ્તાઓનું ભંગાણ થતા તંત્ર દ્વારા આગોતરૂ આયોજન કરવામાં આવી રહ્યું છે.

અલબત્ત ગટર સુવિધાની કાર્યયોજના પૂર્ણ થતા પાંચેય ગામોમાં આર.સી.સી. રોડ બનાવાશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ગામોમાં નવા રોડ બનાવવા માટે તંત્ર દ્વારા ટૂંકમાં એસ્ટીમેટ તૈયાર કરાશે.

જેના અંતે ગટર સુવિધા બાદ ગ્રામજનોને નવા રસ્તાઓની સુવિધા પણ ઉપલબ્ધ થશે.

મુખ્યમંત્રીએ બૂલેટ ટ્રેનમાં પ્રવાસ કર્યો

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત ડેલીગેશનના ઉદ્યોગ સંચાલકો સાથે આજે સવારે ટોકિયોથી હામામાત્સુની સફર જાપાનની ફાસ્ટેસ્ટ બૂલેટ ટ્રેઈનમાં કરી હતી. જાપાનની આ બૂલેટ ટ્રેનમાં દોઢ કલાકનો પ્રવાસ કરીને મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં પણ ગાંધીનગર-અમદાવાદ-ધોલેરા અને મેટ્રો ટ્રેઈન પ્રોજેક્ટ તેમજ અમદાવાદ-મુંબઈ-પૂણેના ફાસ્ટ્રેક બૂલેટ ટ્રેઈન પ્રોજેક્ટને જાપાનની આ બૂલેટ ટ્રેનના મોડેલ ઉપર વિકસાવવાની નેમ વ્યક્ત કરી હતી.

ફિઝીયો, નર્સિંગ, ઓપ્ટોમેટ્રીક ને ઓડીયો.ની ૩૭૩ બેઠકો ખાલી

અમદાવાદ, તા.૨૫

ગુજરાત મેડીકલ અને પેરામેડીકલ પ્રવેશ કમિટી દ્વારા હાથ ધરાયેલી પ્રવેશ પ્રક્રિયામાં ફિઝીયોથેરાપી, નર્સિંગ, ઓપ્ટોમેટ્રીક અને ઓડીયોલોજીની ૩૭૩ બેઠકો સિવાયની તમામ બેઠકો ભરાઈ ગઈ છે. પ્રવેશ કમિટીની વેબસાઈટ ઉપર એનઆરઆઈ કવોટા માટેની પણ મેરીટ યાદી જાહેર કરી દેવામાં આવી છે. પ્રવેશ કમિટી દ્વારા શહેરની બી જે મેડીકલ કોલેજ ખાતે હાથ ધરાયેલી પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત મેડીકલ અને ડેન્ટલની તમામ બેઠકો ભરાઈ ગઈ છે જ્યારે પેરામેડીકલમાં ફિઝીયોથેરાપીની અનાતમની ૧૧૩ બેઠકો ખાલી છે. નર્સિંગની ૧૯૬ બેઠકોમાં ઓપન કેટેગરીની ૪૦ બેઠકો અને એસીબીસીની ૧૩૯ બેઠકો ખાલી છે. ઓપ્ટોમેટ્રીકમાં ૫૬ બેઠકો પૈકી ઓપન કેટેગરીની ૧૯ બેઠકો, એસટી કેટેગરીની બેઠકો અને એસીબીસીની ૨૪ બેઠકો ખાલી છે.

બેસણું

અમારા **પૂજ્ય પિતાશ્રી રસિકલાલ છોટાલાલ દવેનું** (ઉ.વ. ૮૭) રવિવાર જુલાઈ તા.૨૨,૨૦૧૨ ના રોજ નિધન થતાં **સદ્ગતનું બેસણું ગુરૂવાર જુલાઈ તા.૨૬,૨૦૧૨ ના રોજ સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધી** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ,સે.- ૬/સી, પોલીસ સ્ટેશન સામે, ગાંધીનગર

લી. **મનોજ, નિતિન, જીજ્ઞેશ, તુષાર**

નિવાસ સ્થાન : ૮૪૬/૫, સેક્ટર - ૨/સી, ગાંધીનગર. M. 8141362090

ખુશ ખબર. ખુશ ખબર.

ગુજરાત સરકાર ગાંધીનગર મહાનગરપાલિકા તથા પરિવર્તન સંસ્થાના સંયુક્ત સહકાર દ્વારા આયોજીત

"ઉમ્મીદ"

નોકરી મેળવવાની ઉજ્જવળ તક

ગુજરાત સરકાર દ્વારા સર્ટીફિકેટ આપવામાં આવશે.

તાલીમના વિષયો

- ગાર્ડનર
- કુક
- કીચન હેલ્પર
- વોટર કેરીયર
- બ્યુટી કોર્સ
- કોમ્પ્યુટર હાર્ડવેર
- ઈલેક્ટ્રીકલ
- D.T.P.
- કોમ્પ્યુટર
- ટેલી વોશરમેન
- હોટલ મેનેજમેન્ટ
- મોબાઈલ રીપેરીંગ
- કોલ સેન્ટર ટ્રેનીંગ
- નર્સિંગ આસીસ્ટન્ટ

ત્રણ મહીનાનો કોર્ષ

આ કોર્ષ સાથે બેઝીક કોમ્પ્યુટર,પર્સનાલિટી ડેવલોપમેન્ટ,લાઈફ સ્કીલ અને સ્પોકન ઈંગ્લિશ વિના મૂલ્યે શિખવવામાં આવશે.

યોગ્યતા :-
(૧) ૧૮ થી ૩૫વર્ષ થી ઉંમરના યુવક / યુવતી
(૨) ઓછા માં ઓછુ ધો - ૭ પાસ જરૂરી

પુરાવા :-
(૧) ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટા
(૨) લીવીંગ સર્ટિ/મતદાન ચાદીકાર્ડ
(૩) છેલ્લી માર્કશીટની ઝેરોક્ષ.

એડમીશન મેળવવાનો સમય :- સવારે ૧૦ થી સાંજે ૫ કલાકે

પરિવર્તન ટ્રસ્ટ, બ્લોક નં. ૨૯/૪, 'ચ' ટાઈપ સેક્ટર - ૭/બી, પોસ્ટ ઓફીસની નજીકમાં, ગાંધીનગર ઓફીસ ફોન. 23247102, મો. 9558570177

હાર્દિક અભિનંદન

ઘનશ્યામભાઈ અમીન
ચેરમેનશ્રી
ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશન લી.

પરેશભાઈ પટેલ
ડિરેક્ટરશ્રી
ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશન લી.

ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશન લી.માં ઘનશ્યામભાઈ અમીન સતત ચોથી વખત ચેરમેન તરીકે તથા પરેશભાઈ પટેલ સતત ત્રીજીવાર ડિરેક્ટર પદે બિનહરીફ વરણી થવા બદલ હાર્દિક અભિનંદન સહ આપશ્રી ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરો તેવી શુભેચ્છાઓ સહ...

પટેલ જગદીશભાઈ બાબુભાઈ
ચેરમેન, ધી ચિલોડા સેવા સહકારી મંડળી લી.
ડીરેક્ટરશ્રી, ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ
ડેપ્યુટી સરપંચ, ચિલોડા ગ્રામ પંચાયત

પટેલ જયંતિભાઈ ગોરધનભાઈ
વાઈસ ચેરમેન, ધી ચિલોડા સેવા સહકારી મંડળી લી.
વ્યવસ્થાપક કમિટિના સદસ્યો તથા ગ્રામજનો
ધી ચિલોડા સેવા સહકારી મંડળી લી.
મુ. પો. ચિલોડા મોટા, તા.જી. ગાંધીનગર

જોઈએ છે

સ્કૂલ બસ માટે ડ્રાઈવર જોઈએ છે

ફોન નં. ૯૮૯૮૮૫૪૯૫૩ (હરીશભાઈ)
ફોન નં. ૯૯૮૮૬૭૦૧૦૦ (મેહબુબભાઈ)

નોંધ : અરજી સાથે રૂબરૂ મળવું.
ટાઈમ : ૧૦ થી ૫

પ્રાંતિજ નગરપાલિકા, પ્રાંતિજ

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના

ઇ-ટેન્ડર નોટીસ

પ્રાંતિજ નગરપાલિકા પ્રાંતિજ, ૩૮૩૨૦૫ (ફોન : ૦૨૭૭૦-૨૩૩૪૧૦) દ્વારા નગરપાલિકા વિસ્તારમાં રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ વિવિધ ગ્રાંટમાંથી નીચે દર્શાવેલ કામો કરાવવા માંગે છે. આ કામે ગુજરાત રાજ્યના રસ્તા અને મકાન વિભાગ અથવા નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ પાસેથી નીચેના કામ માટે ઓન લાઈન ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડર દસ્તાવેજોનું ડાઉન લોડીંગ **www.nagarpalika.nprocure.com** વેબ સીટે ઉપરથી જોવા મળી શકશે અને ટેન્ડરો આ સાઈટ પરથી ઓનલાઈન ભરવાના રહેશે. આ અંગેની વિગતવાર વિજ્ઞાપન માહિતી વિભાગની વેબસાઈટ પર જોવા મળશે. ઓન લાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે. ટેન્ડરો રૂબરૂ / ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં. આવેલ ભાવો પૈકી કોઈપણ અથવા તમામ ભાવો કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય નામંજૂર કરવાનાં અધિકાર નગરપાલિકાને સ્વાધીન રહેશે.

અનું.	કામનું નામ	કામની અંદાજીત	બાનાની રકમ રૂપિયા	ટેન્ડર ફી રૂપિયા	કામ પૂર્ણ કરવાની મુદત / ઈજારદારની શ્રેણી
૧.	Strom Water Disposal Work, Nr. Swaminarayan Nagar, Ward No. 7, Prantij.	૩૪.૯૪	૩૫૦૦૦/-	૧૫૦૦	૫ માસ / ઇ -૧ અને ઉપર
-	ઓન લાઈન દ્વારા ટેન્ડરમાં ભાવપત્રક દસ્તાવેજોનું ડાઉનલોડીંગ તારીખ ૧૯-૭-૨૦૧૨ થી ૦૧-૦૮-૨૦૧૨ સમય ૧૮.૦૦ કલાક સુધી.				
-	ઓન લાઈન દ્વારા ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ ૦૧-૦૮-૨૦૧૨, સમય : ૧૮.૦૦ કલાક સુધી				
-	રજીસ્ટ્રેશન ટેન્ડર ફી, બાનાની રકમ તથા જરૂરી દસ્તાવેજો વગેરે આર. પી. એડી. સ્પીડ પોસ્ટ / કુરીયર થી ચીફ ઓફિસર પ્રાંતિજ નગરપાલિકા, પ્રાંતિજ ૩૮૩૨૦૫ (જી. સાબરકાંઠા)ને તારીખ : ૦૪-૦૮-૨૦૧૨ ૧૬.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.				
-	ટેન્ડર ફીનો ડીમાન્ડ ડ્રાફ્ટ તથા બાનાની રકમની એફ ડીઆર એક કવરમાં તથા બીજા દસ્તાવેજો બીજા કવરમાં સીલ કરવા.				

આવેલ ઓન લાઈન ટેન્ડરોને તા. ૦૭-૦૮-૨૦૧૨ના રોજ ૧૨.૦૦ કલાકથી પ્રાંતિજ નગરપાલિકા કચેરી, પ્રાંતિજ ખાતે ખોલવામાં આવશે.

પી. એચ. મિસ્ત્રી, ઈજનેર — સંદીપ ડી. પટેલ, મુખ્ય અધિકારી — દિલીપભાઈ પી. રાવળ, ઉપપ્રમુખ — ઉષાબેન નિત્યાનંદ બ્રહ્મભટ્ટ, પ્રમુખ

જા.ક્ર. નં. ન.પા./સ્વર્ણિમ જયંતિ મુ.મુ.શહેરી/૩૩૭/૨૦૧૨-૧૩, તા. ૧૬-૭-૨૦૧૨

THE CREATIVE DECORATORS OF THE CITY

॥ અભય ॥ FEEL FREE, BE FEARLESS — AD ABHAY DECORATORS — HIRERS, DECORATORS & EVENT ORGANISERS

ZARIN CATERING Pvt. Ltd. — FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING

: REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office, J.P. Chowk, Khanpur, Ahmedabad

: CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192, Electronics Estate, B/h. Videocon Factory, Sector-26, Gandhinagar

website : www.abhaydecorators.com, email : abhaydecorators@yahoo.com

અલ્ટ્રાટેક સિમેન્ટ

એંજિનિયરની પસંદગી

FAIR MATE Water Proofing Solution — VIRAT TMT BARS — UTKARSH TMT BARS

સાથ, સહકાર અને વિશ્વાસ

સ્ટોકિસ્ટ :- **શ્રી વૈશ્વી ટ્રેડર્સ**

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(0) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT — KISAN — VINAYAK 500 TMT BARS - ISI — SANGHI STEEL - ISI — BENELAVE — R.FIXIT — ashirvad C. PVC, UPVC — TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com